GKGRIPS પ્રસ્તુત • ખાખી કવચ 2.0 • LRD કોન્સ્ટેબલ

Paper Analysis | LRD 2025 + 2026

છેલ્લાં બે પેપરના 400 પ્રશ્નો: વિષયવાર, ટોપિકવાર અને પ્રશ્નવાર

દરેક પ્રશ્નને GKGRIPS એ સત્તાવાર સિલેબસના મુદ્દા મુજબ જાતે Classify કર્યો છે • શું વધ્યું, શું ઘટ્યું અને હવે શું વાંચવું



400	2	10	56	14
પ્રશ્નો	પેપર (2025, 2026)	વિષય	ટોપિક	રિપીટ તથ્યો

ખાખી કવચ 2.0 Mentorship

કોન્સ્ટેબલની પરીક્ષાની સંપૂર્ણ અને સચોટ તૈયારી કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે

આ Analysis મુજબ વધુ પૂછાતા ટોપિક પર વધુ ટેસ્ટ: 277 Topic Test, 20 Full Mock અને 15000+ પ્રશ્નોની પ્રેક્ટિસ. જોડાવા માટે WhatsApp કરો.

WhatsApp કરો 81281 06202

વિષયવાર પ્રશ્નો: LRD 2025 અને 2026

વિષય	સિલેબસ	2025	2026	કુલ	બે વર્ષનું વજન
Part A 80 પ્રશ્નો • વિભાગ પરીક્ષામાં નક્કી					
રિઝનિંગ + માહિતીનું પૃથ્થકરણ (DI)	30	30	31	61	
ગણિત	30	30	29	59	
ગુજરાતી ગદ્યસમીક્ષા	20	20	20	40	
Part B 120 પ્રશ્નો • GKGRIPS Classification					
ભારતનું બંધારણ	30 ગુણ	30	31 ▲ 1	61	
ઇતિહાસ	50 ગુણ બ્લોક	15	19 ▲ 4	34	
સાંસ્કૃતિક વારસો અને સાહિત્ય	50 ગુણ બ્લોક	19	17 ▼ 2	36	
ભૂગોળ	50 ગુણ બ્લોક	21	18 ▼ 3	39	
વિજ્ઞાન, ટેકનોલોજી અને પર્યાવરણ	40 ગુણ બ્લોક	17	13 ▼ 4	30	
સામાન્ય જ્ઞાન અને અર્થતંત્ર	40 ગુણ બ્લોક	7	4 ▼ 3	11	
કરંટ અફેર્સ	40 ગુણ બ્લોક	11	18 ▲ 7	29	
કુલ	200	200	200	400	

Key Findings: મુખ્ય તારણો

1. **બંધારણ સૌથી સ્થિર અને સૌથી મોટો વિષય**
   2025 માં 30, 2026 માં 31 પ્રશ્નો: Part B ના લગભગ 25%. બંને વર્ષનાં 14 રિપીટ તથ્યોમાંથી 7 બંધારણનાં છે.
2. **ઇતિહાસમાં સ્વાતંત્ર્ય ચળવળનો મોટો ઉછાળો**
   સ્વાતંત્ર્ય ચળવળ, ગાંધીયુગ અને ક્રાંતિકારીઓ: 2025 માં 1, 2026 માં 10 પ્રશ્નો. 2026 ના પેપરની શરૂઆત જ (Q.81 થી 88) આ ટોપિકથી થઈ.
3. **કરંટમાં ગુજરાતનું વજન અનેકગણું**
   કરંટ અફેર્સ 11 થી 18; તેમાં ગુજરાતની યોજનાઓ અને ઘટનાઓ 2 થી 12. ગુજરાત સરકારની યોજનાઓ, પોર્ટલ અને સમાચાર રોજ વાંચો.
4. **Part B માં ગુજરાત-કેન્દ્રિત પ્રશ્નો વધ્યા**
   ગુજરાતના ઇતિહાસ, ભૂગોળ, મેળા, કળા, સાહિત્ય અને કરંટના પ્રશ્નો: 2025 માં 27 (22%), 2026 માં 34 (28%).
5. **ભૂગોળ: ભારત અને ભૌતિક ભૂગોળ પર ભાર**
   ભારતની ભૂગોળ બંને વર્ષે મળીને 15 પ્રશ્નો; સામાન્ય-ભૌતિક ભૂગોળ 2 થી 6; ગુજરાતની ભૂગોળ 7 થી 3.
6. **વિજ્ઞાનમાં જીવવિજ્ઞાન-આરોગ્ય મોખરે**
   વિજ્ઞાન 17 થી 13; ખોરાક, શરીર અને રોગના પ્રશ્નો બંને વર્ષે મળીને 10. સિલેબસના ધોરણ 6 થી 8 ના વિજ્ઞાનના મુદ્દા જ પૂછાય છે.
7. **સાંસ્કૃતિક વારસો: મેળા અને લોકકળા પાક્કાં**
   મેળા-ઉત્સવો અને લોકકળા-હસ્તકળા-નૃત્ય મળીને બે વર્ષમાં 17 પ્રશ્નો. રોગાન, પીઠોરા, માધવપુર અને કાર્તિકી પૂનમનો મેળો બંને વર્ષે પૂછાયાં.
8. **2026 માં પ્રશ્નની શૈલી બદલાઈ**
   2025 માં 107 પ્રશ્નો સીધા એક લીટીના હતા. 2026 માં 51 ખાલી જગ્યાવાળા અને 27 વિધાન / "ઉપરોક્ત તમામ" પ્રકારના પ્રશ્નો આવ્યા, એટલે ટોપિક પૂરો વાંચવો પડે.
9. **Part A: DI ઘટ્યું, રિઝનિંગ વૈવિધ્યસભર**
   DI 2025 માં 15 (3 સેટ), 2026 માં 3. 2026 માં શ્રેણી 7, કોડિંગ 5, બેઠક વ્યવસ્થા 5. ગણિતમાં ભૂમિતિ-ક્ષેત્રમિતિ 1 થી 7.
10. **ગુજરાતી: દર વર્ષે 4 ફકરા × 5 પ્રશ્ન**
    2025 માં 2 ફકરા પર અર્થગ્રહણ, 1 પર શબ્દાર્થ અને 1 પર ખાલી જગ્યા. 2026 માં ચારેય ફકરા પર સીધું અર્થગ્રહણ (ખોરાક, યુદ્ધ-પ્રદૂષણ, સરદાર પટેલ, RAW).

GKGRIPS App • LRD કોન્સ્ટેબલ
કોન્સ્ટેબલની સંપૂર્ણ તૈયારી કરવા માટે અહીં ક્લિક કરો
Topic Test, Full Mock, PYQ, Audio Notes અને Short Videos: બધું એક જ App માં
▶ Download કરો GKGRIPS App
સ્કેન કરો

Part A રિઝનિંગ-DI, ગણિત અને ગુજરાતી: ટોપિકવાર પ્રશ્નો

80 પ્રશ્નો

રિઝનિંગ + માહિતીનું પૃથ્થકરણ (DI) 2025: 30 • 2026: 31

ટોપિક	2025	2026	કુલ	મહત્વ
માહિતીનું પૃથ્થકરણ (DI: કોષ્ટક / ગ્રાફ)	15	3 ▼ 12	18	ખૂબ મહત્વ
શ્રેણી: આંકડા, મૂળાક્ષર, ચિહ્ન	5	7 ▲ 2	12	ખૂબ મહત્વ
કોડિંગ-ડિકોડિંગ	3	5 ▲ 2	8	મહત્વ
બેઠક વ્યવસ્થા, ક્રમ કસોટી, કોયડા	2	5 ▲ 3	7	મહત્વ
દિશા-અંતર અને લોહીના સંબંધ	2	4 ▲ 2	6	મહત્વ
સમસંબંધ અને વર્ગીકરણ	2	2	4	સામાન્ય
માહિતીની પર્યાપ્તતા, કેલેન્ડર, પેપર ફોલ્ડિંગ, અન્ય	1	5 ▲ 4	6	મહત્વ

ગણિત 2025: 30 • 2026: 29

ટોપિક	2025	2026	કુલ	મહત્વ
ટકાવારી, નફો-ખોટ, ભાગીદારી	7	3 ▼ 4	10	ખૂબ મહત્વ
સાદું અને ચક્રવૃદ્ધિ વ્યાજ	2	2	4	સામાન્ય
સમય-ઝડપ-અંતર (ટ્રેન, હોડી)	3	3	6	મહત્વ
સમય-કામ, નળ-ટાંકી	3	2 ▼ 1	5	મહત્વ
સંખ્યા પદ્ધતિ, સાદુરૂપ, વર્ગમૂળ, લ.સા.અ.-ગુ.સા.અ.	8	4 ▼ 4	12	ખૂબ મહત્વ
સરેરાશ, ઉંમર, ગુણોત્તર, મિશ્રણ-સમીકરણ	6	6	12	ખૂબ મહત્વ
ક્ષેત્રમિતિ, ભૂમિતિ, ત્રિકોણમિતિ	1	7 ▲ 6	8	મહત્વ
ક્રમચય-સંચય અને સંભાવના	-	2 ▲ 2	2	સામાન્ય

ગુજરાતી ગદ્યસમીક્ષા 2025: 20 • 2026: 20

ટોપિક	2025	2026	કુલ	મહત્વ
ફકરા આધારિત અર્થગ્રહણ પ્રશ્નો	10	20 ▲ 10	30	ખૂબ મહત્વ
ફકરામાંના શબ્દોના અર્થ	5	- ▼ 5	5	મહત્વ
ફકરામાં ખાલી જગ્યા પૂરો	5	- ▼ 5	5	મહત્વ

Part A માટે GKGRIPS ટીપ

ગણિતમાં ટકાવારી-નફો-ખોટ, સરેરાશ-ઉંમર-ગુણોત્તર અને સંખ્યા-સાદુરૂપ દર વર્ષે 12 થી 15 પ્રશ્ન આપે છે: આ ત્રણ પહેલાં પાકાં કરો. રિઝનિંગમાં DI અને સેટવાળા પ્રશ્નો (બેઠક, કોડિંગ ટેબલ) 5-5 ના જૂથમાં આવે છે, એટલે એક સેટ સમજાય તો 5 ગુણ પાક્કા. ગુજરાતી ફકરા સૌથી સહેલા 20 ગુણ છે: પહેલાં પ્રશ્ન વાંચો, પછી ફકરો.



GKGRIPS • ખાખી કવચ 2.0

કોન્સ્ટેબલની પરીક્ષાની સંપૂર્ણ અને સચોટ તૈયારી કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે ખાખી કવચ 2.0

આ 151 દિવસના ટાઈમટેબલ મુજબ રોજના ટોપિક ટેસ્ટ, Full Mock અને જૂના પેપરના ટેસ્ટ. જોડાવા માટે અત્યારે જ WhatsApp કરો.

- ✓ 277 Topic Test
- ✓ 20 Full Mock (200 ગુણ)
- ✓ 15000+ પ્રશ્નો
- ✓ દરેક પ્રશ્નનું Solution

WhatsApp કરો
81281 06202

Part B બંધારણ, ઇતિહાસ, વારસો, ભૂગોળ, વિજ્ઞાન, GK, કરંટ: ટોપિકવાર — 120 પ્રશ્નો

ખૂબ મહત્વ બે વર્ષમાં 9+ પ્રશ્ન | મહત્વ 5 થી 8 | સામાન્ય 4 સુધી • ▲ 2026 માં વધ્યા ▼ ઘટ્યા

Part B: ટોપિકવાર પ્રશ્નો (GKGRIPS Classification)

ટોપિક	2025	2026	કુલ	મહત્વ
ભારતનું બંધારણ 2025: 30 • 2026: 31 • કુલ 61				
ઘડતર, સ્ત્રોત અને આમુખ	1	3 ▲ 2	4	સામાન્ય
મૂળભૂત અધિકારો, ફરજો, માર્ગદર્શક સિદ્ધાંતો	7	4 ▼ 3	11	ખૂબ મહત્વ
રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને કેન્દ્રીય કારોબારી	1	4 ▲ 3	5	મહત્વ
સંસદ: રચના, બજેટ, ગેરલાયકાત	3	4 ▲ 1	7	મહત્વ
રાજ્યપાલ, રાજ્ય મંત્રીમંડળ અને વિધાનમંડળ	3	4 ▲ 1	7	મહત્વ
ન્યાયતંત્ર, રિટ, PIL અને મહત્વના કેસ	4	2 ▼ 2	6	મહત્વ
કેન્દ્ર-રાજ્ય સંબંધો, અનુસૂચિઓ, કટોકટી, સુધારા	5	6 ▲ 1	11	ખૂબ મહત્વ
બંધારણીય-વૈધાનિક સંસ્થાઓ અને ચૂંટણી	3	2 ▼ 1	5	મહત્વ
પંચાયતી રાજ	-	1 ▲ 1	1	સામાન્ય
નાગરિકતા, ભાષા, લઘુમતી અને રાષ્ટ્રીય પ્રતીકો	3	1 ▼ 2	4	સામાન્ય
ઇતિહાસ 2025: 15 • 2026: 19 • કુલ 34				
પ્રાચીન ભારત (સિંધુ, વૈદિક, જૈન-બૌદ્ધ)	4	2 ▼ 2	6	મહત્વ
મધ્યકાલીન ભારત અને ભક્તિ આંદોલન	1	2 ▲ 1	3	સામાન્ય
યુરોપિયન આગમન, કંપની શાસન, 1857 અને બ્રિટિશ શાસન	6	1 ▼ 5	7	મહત્વ
સ્વાતંત્ર્ય ચળવળ, ગાંધીયુગ અને ક્રાંતિકારીઓ	1	10 ▲ 9	11	ખૂબ મહત્વ
ધાર્મિક-સામાજિક સુધારા આંદોલનો	-	1 ▲ 1	1	સામાન્ય
ગુજરાતનો ઇતિહાસ	1	3 ▲ 2	4	સામાન્ય
વિશ્વ ઇતિહાસ	2	- ▼ 2	2	સામાન્ય
સાંસ્કૃતિક વારસો અને સાહિત્ય 2025: 19 • 2026: 17 • કુલ 36				
મેળા, ઉત્સવો અને તહેવારો	5	4 ▼ 1	9	ખૂબ મહત્વ
લોકકળા, હસ્તકળા, સંગીત-નૃત્ય-ભવાઈ	2	6 ▲ 4	8	મહત્વ
સ્થાપત્ય, સ્મારક, તીર્થ, સંગ્રહસ્થાન, પ્રવાસન	5	4 ▼ 1	9	ખૂબ મહત્વ
ગુજરાતી સાહિત્ય	4	1 ▼ 3	5	મહત્વ

Part B: ટોપિકવાર પ્રશ્નો (GKGRIPS Classification)

ટોપિક	2025	2026	કુલ	મહત્વ
ભારતીય સાહિત્ય અને ગ્રંથો	3	2 ▼ 1	5	મહત્વ
ભૂગોળ 2025: 21 • 2026: 18 • કુલ 39				
સામાન્ય અને ભૌતિક ભૂગોળ (વાતાવરણ, ખડકો, ભૂમિસ્વરૂપ)	2	6 ▲ 4	8	મહત્વ
ભારતની ભૂગોળ (ભૌતિક, આર્થિક, સામાજિક)	9	6 ▼ 3	15	ખૂબ મહત્વ
ગુજરાતની ભૂગોળ	7	3 ▼ 4	10	ખૂબ મહત્વ
વન, વન્યજીવ, રાષ્ટ્રીય ઉદ્યાન-અભયારણ્ય	3	3	6	મહત્વ
વિજ્ઞાન, ટેકનોલોજી અને પર્યાવરણ 2025: 17 • 2026: 13 • કુલ 30				
જીવવિજ્ઞાન, આરોગ્ય અને ખોરાક	4	6 ▲ 2	10	ખૂબ મહત્વ
ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન	3	4 ▲ 1	7	મહત્વ
વૈજ્ઞાનિકો અને શોધ	4	- ▼ 4	4	સામાન્ય
સૂર્યમંડળ, અવકાશ, કમ્પ્યુટર-ટેકનોલોજી	3	2 ▼ 1	5	મહત્વ
પર્યાવરણ, પ્રદૂષણ અને ઊર્જા	3	1 ▼ 2	4	સામાન્ય
સામાન્ય જ્ઞાન અને અર્થતંત્ર 2025: 7 • 2026: 4 • કુલ 11				
અર્થતંત્ર અને કૃષિ	1	2 ▲ 1	3	સામાન્ય
સરકારી યોજનાઓ અને પોર્ટલ	2	1 ▼ 1	3	સામાન્ય
ભારત-વિશ્વ GK, દિવસો, અવતરણ	4	1 ▼ 3	5	મહત્વ
કરંટ અફેર્સ 2025: 11 • 2026: 18 • કુલ 29				
ગુજરાત: તાજેતરની ઘટનાઓ અને યોજનાઓ	2	12 ▲ 10	14	ખૂબ મહત્વ
ભારત: તાજેતરની ઘટનાઓ	2	3 ▲ 1	5	મહત્વ
પુરસ્કાર, રમતગમત અને નિમણૂક	5	2 ▼ 3	7	મહત્વ
આંતરરાષ્ટ્રીય ઘટનાઓ	2	1 ▼ 1	3	સામાન્ય



GKGRIPS • ખાખી કવચ 2.0

રોજ શું વાંચવું અને કયો ટેસ્ટ આપવો: બધું પહેલેથી નક્કી

સિલેબસના દરેક મુદ્દા પર ટોપિક ટેસ્ટ અને LRD 2025, 2026 ના પેપરમાં વધુ પૂછાયેલા ટોપિક પર વધુ ભાર. માહિતી માટે WhatsApp કરો.

✓ સિલેબસ મુજબ ટેસ્ટ ✓ IMP ટોપિક પર ભાર ✓ રોજ કરંટ અફેર્સ ✓ રવિવારે રિવિઝન

WhatsApp કરો
81281 06202

Part B: પ્રશ્ન પૂછવાની શૈલી

પ્રકાર	2025	2026
સીધો એક લીટીનો કોણ / ક્યાં / શું: એક જ તથ્ય	107	40
ખાલી જગ્યા "_____ યોજના હેઠળ..." પ્રકાર	0	51
વિધાન / બહુવિકલ્પ 1, 2, 3 વિધાન: "ઉપરોક્ત તમામ", "ફક્ત 1 અને 2"	5	27
આંકડા / વર્ષ / ક્રમ વિસ્તાર, લંબાઈ, ક્રમ, સંખ્યા	7	1
જોડકાં / જોડી કઈ જોડ ખોટી / સાચી	1	1

બંને વર્ષે પૂછાયેલાં તથ્યો (14): આ ફરી આવી શકે

2025 Q.	2026 Q.	તથ્ય / ટોપિક
96	178	બંધારણ સુધારા વિધેયક: દરેક ગૃહમાં વિશેષ બહુમતી
86	157	રાજ્ય મંત્રીમંડળ: વિધાનસભાના 15%
87	195	કયા રાજ્યોમાં વિધાન પરિષદ છે
151	179	જાહેર હિતની અરજી (PIL)
142	180	સંસદ સભ્યની ગેરલાયકાત: રાષ્ટ્રપતિ, ચૂંટણી પંચના અભિપ્રાયથી
144	159	7મી અનુસૂચિ: સંઘ / સમવર્તી યાદી
85	196	મૂળભૂત માળખું / સમવાય તંત્ર પર સુપ્રીમ કોર્ટના કેસ
108	183	જૈન ધર્મ
136	164	ભક્તિ આંદોલન (રામાનુજ / રામાનંદ)
159	121	ચિલિકા સરોવર
197	90	ગુજરાતના મેળા (માધવપુર / કાર્તિકી પૂનમ)
196	144	ગુજરાતની ચિત્રકળા (રોગાન / પીઠોરા)
186	99	વસ્તી ગણતરી 2011 (સાક્ષરતા / જાતિ પ્રમાણ)
182	115	ખોરાક અને શરીર

આ Analysis મુજબ હવે શું વાંચવું? (Study Plan)

1. **બંધારણ (30)**
   મૂળભૂત અધિકારો-ફરજો, સંસદ-રાજ્ય વિધાનમંડળ, કેન્દ્ર-રાજ્ય સંબંધો-અનુસૂચિઓ અને સુપ્રીમ કોર્ટના મહત્વના કેસ: આ ચાર ભાગ દર વર્ષે 20+ પ્રશ્ન આપે છે.
2. **ઇતિહાસ**
   સ્વાતંત્ર્ય ચળવળ (ગાંધીયુગ, સત્યાગ્રહો, ક્રાંતિકારીઓ) અને પ્રાચીન ભારત (જૈન-બૌદ્ધ, વૈદિક) પહેલાં; પછી ગુજરાતનો ઇતિહાસ.
3. **સાંસ્કૃતિક વારસો**
   ગુજરાતના મેળા, લોકકળા-ભરતકામ-ચિત્રકળા, સ્થાપત્ય-સંગ્રહસ્થાનો અને ગુજરાતી સાહિત્યકારોની કૃતિઓ: ટેબલ બનાવીને યાદ રાખો.
4. **ભૂગોળ**
   ભારતની ભૂગોળ (સરોવર, પર્વત, ખનીજ, વસ્તી ગણતરી 2011) + ગુજરાતની નદીઓ-બંધ-અભયારણ્ય. નકશો સાથે રાખીને વાંચો.
5. **વિજ્ઞાન**
   ધોરણ 6 થી 8 ના વિજ્ઞાનનાં પુસ્તકો: ખોરાક, રોગ, શરીરનાં તંત્રો, એસિડ-બેઇઝ, વિદ્યુત, પ્રદૂષણ. NCERT/GCERT ની ભાષામાં જ પ્રશ્ન આવે છે.
6. **કરંટ અફેર્સ**
   છેલ્લા 12 મહિનાના ગુજરાતના સમાચાર, ગુજરાત સરકારની યોજનાઓ (નામ, સહાયની રકમ, લાભાર્થી), પુરસ્કારો અને રમતગમત. રોજ 30 મિનિટ.
7. **પ્રશ્ન શૈલી**
   2026 જેવા "_____" અને "ઉપરોક્ત તમામ" પ્રશ્નો માટે દરેક ટોપિકની બધી વિગત વાંચો, ફક્ત એક લીટીની One-liner પૂરતી નથી.
8. **Part A**
   રોજ 20 ગણિત + 20 રિઝનિંગ પ્રશ્ન સમય સાથે; અઠવાડિયામાં 2 ગુજરાતી ફકરા. Part A અને B બંનેમાં 40% અલગથી જોઈએ.

GKGRIPS App • LRD કોન્સ્ટેબલ
કોન્સ્ટેબલની સંપૂર્ણ તૈયારી કરવા માટે અહીં ક્લિક કરો
Topic Test, Full Mock, PYQ, Audio Notes અને Short Videos: બધું એક જ App માં
▶ Download કરો GKGRIPS App
સ્કેન કરો

પ્રશ્નવાર ચાદી Part B ના 240 પ્રશ્નો: વિષય અને ટોપિક મુજબ, જવાબ સાથે

2025 + 2026

ભારતનું બંધારણ

2025: 30 • 2026: 31 • કુલ 61

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
ઘડતર, સ્ત્રોત અને આમુખ 4 પ્રશ્ન	
2025 Q.97	બંધારણ સભાના બંધારણીય સલાહકાર → **સર બી. એન. રાવ**
2026 Q.94	બંધારણની મૂળ પ્રતમાં ચિત્રો તૈયાર કરનાર → **નંદલાલ બોઝ**
2026 Q.160	મજબૂત કેન્દ્રવાળું સમવાય તંત્ર કયા બંધારણમાંથી → **કેનેડા**
2026 Q.191	આમુખમાં ઉલ્લેખ નથી → **'કલ્યાણ' (સાર્વભૌમ, સમાજવાદી, લોકતંત્રાત્મક છે)**
મૂળભૂત અધિકારો, ફરજો, માર્ગદર્શક સિદ્ધાંતો 11 પ્રશ્ન	
2025 Q.82	બંધારણનું 'હૃદય અને આત્મા' (ડૉ. આંબેડકર) → **બંધારણીય ઉપાયોનો અધિકાર (આર્ટિકલ 32)**
2025 Q.83	આર્ટિકલ 50 → **રાજ્યની જાહેર સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારી (કાર્યપાલિકા)થી અલગ કરવું**
2025 Q.84	મૂળભૂત ફરજો (42મો સુધારો, 1976) કોની ભલામણે → **સ્વરણ સિંહ સમિતિ**
2025 Q.91	હેબિયસ કૉર્પસ રિટ જારી કરવાની સત્તા → **સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ્સ (આર્ટિકલ 32, 226)**
2025 Q.152	આર્ટિકલ 17 (અસ્પૃશ્યતા નાબૂદી)થી સ્થપાતી સમાનતા → **સામાજિક સમાનતા**
2025 Q.153	ફક્ત નાગરિકોને મળતો મૂળભૂત અધિકાર → **વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા (આર્ટિકલ 19)**
2025 Q.155	આંતરરાષ્ટ્રીય શાંતિ-સુરક્ષાની જોગવાઈ → **રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (આર્ટિકલ 51)**
2026 Q.172	હક વિશે સાચું વિધાન → **હક એ રાજ્ય સામે નાગરિકોના દાવા છે**
2026 Q.175	પર્યાવરણ જતનનો ઉલ્લેખ → **મૂળભૂત ફરજો (51A-g) અને માર્ગદર્શક સિદ્ધાંતો (48A): બંનેમાં**
2026 Q.192	આર્ટિકલ 21 (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતા)માં સમાવિષ્ટ → **ગોપનીયતાનો અધિકાર**
2026 Q.193	કાયદાનું સ્વરૂપ પામેલો માર્ગદર્શક સિદ્ધાંત → **પંચાયતી રાજ (73મો સુધારો)**
રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને કેન્દ્રીય કારોબારી 5 પ્રશ્ન	
2025 Q.141	ઉપરાષ્ટ્રપતિ પદ પણ સંભાળનાર → **ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન અને ડૉ. શંકર દયાલ શર્મા**
2026 Q.152	વડાપ્રધાન અધ્યક્ષ નથી તે કેબિનેટ સમિતિ → **સંસદીય બાબતોની સમિતિ**
2026 Q.173	વ્યક્તિગત મંત્રીઓ બંધારણીય રીતે જવાબદાર → **ભારતના રાષ્ટ્રપતિને (આર્ટિકલ 75)**
2026 Q.194	રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવા લઘુત્તમ વય → **35 વર્ષ**
2026 Q.200	કઈ જાતિ અનુસૂચિત જાતિ ગણાય તે સ્પષ્ટ કરવાનો અધિકાર → **ભારતના રાષ્ટ્રપતિ (આર્ટિકલ 341)**
સંસદ: રચના, બજેટ, ગેરલાયકાત 7 પ્રશ્ન	
2025 Q.92	લોકસભાની બેઠકનો બંધારણીય નિયમ → **વર્ષમાં ઓછામાં ઓછી 2 વાર; બે સત્રો વચ્ચે 6 મહિનાથી વધુ અંતર નહીં**

ભારતનું બંધારણ

2025: 30 • 2026: 31 • કુલ 61

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
2025 Q.93	બજેટ અને નાણાકીય બાબતોની સંસદીય પ્રક્રિયા → **આર્ટિકલ 112 થી 117**
2025 Q.142	સાંસદની ગેરલાયકાત (આર્ટિકલ 102-103) પર રાષ્ટ્રપતિ કોનો અભિપ્રાય લે → **ચૂંટણી પંચ (વિકલ્પોમાં નથી: એક પણ નહીં)**
2026 Q.156	એકત્રિત ફંડ પર ભારિત ખર્ચના અંદાજો → **મતદાન માટે રજૂ ન થાય, પણ ગૃહમાં ચર્ચા થઈ શકે: બંને વિધાન સાચાં**
2026 Q.158	સંયુક્ત બેઠકમાં લોકસભા અધ્યક્ષની ગેરહાજરીમાં અધ્યક્ષસ્થાન → **લોકસભાના નાયબ અધ્યક્ષ**
2026 Q.180	સાંસદની ગેરલાયકાતનો નિર્ણય → **રાષ્ટ્રપતિ, ચૂંટણી પંચનો અભિપ્રાય લઈને (આર્ટિકલ 103)**
2026 Q.198	માંગણીની રકમ ઘટાડી રૂ. 1 કરતી કાપ દરખાસ્ત → **નીતિ વિષયક કાપ (Policy Cut)**
રાજ્યપાલ, રાજ્ય મંત્રીમંડળ અને વિધાનમંડળ 7 પ્રશ્ન	
2025 Q.86	રાજ્ય મંત્રી પરિષદની મહત્તમ સંખ્યા → **વિધાનસભાના કુલ સભ્યોના 15%**
2025 Q.87	હાલ વિધાન પરિષદ ધરાવતાં રાજ્યો → **આંધ્ર પ્રદેશ, તેલંગણા, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, બિહાર**
2025 Q.143	બંધારણમાં ન હોય તેવી આકસ્મિક સ્થિતિમાં રાજ્યપાલનાં કાર્યોની જોગવાઈ → **રાષ્ટ્રપતિ (આર્ટિકલ 160)**
2026 Q.153	વિધાન પરિષદ રચવા/નાબૂદ કરવાની ભલામણ → **રાજ્યની વિધાનસભા (આર્ટિકલ 169)**
2026 Q.154	વિધાન પરિષદમાં રાજ્યપાલ નિયુક્ત સભ્યો → **કુલ સભ્યોના 1/6**
2026 Q.157	રાજ્ય મંત્રીમંડળની મહત્તમ સંખ્યા (મુખ્યમંત્રી સહિત) → **વિધાનસભાના કુલ સભ્યોના 15%**
2026 Q.195	વિધાન પરિષદ ધરાવતાં રાજ્યો → **મહારાષ્ટ્ર, બિહાર, કર્ણાટક: ત્રણેય**
ન્યાયતંત્ર, રિટ, PIL અને મહત્વના કેસ 6 પ્રશ્ન	
2025 Q.85	મૂળભૂત માળખામાં સંસદ સુધારો ન કરી શકે (પ્રથમ ચુકાદો) → **કેશવાનંદ ભારતી કેસ (1973)**
2025 Q.90	આંદામાન-નિકોબાર પર અધિકારક્ષેત્ર ધરાવતી હાઈકોર્ટ → **કલકત્તા હાઈકોર્ટ**
2025 Q.94	ખોટું વિધાન → **SC ન્યાયાધીશની નિમણૂક લોકસભાના ઠરાવથી થાય (સાચું: રાષ્ટ્રપતિ નિમણૂક કરે)**
2025 Q.151	જાહેર હિતની અરજી (PIL)ની શરૂઆત કરનાર ન્યાયાધીશ → **પી. એન. ભગવતી**
2026 Q.179	ભારતમાં જાહેર હિતની અરજી (PIL)નો ઉદ્ભવ → **ન્યાયિક પહેલ**
2026 Q.196	સમવાય તંત્ર બંધારણનું મૂળભૂત લક્ષણ (ચુકાદો) → **એસ. આર. બોમ્માઈ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (1994)**
કેન્દ્ર-રાજ્ય સંબંધો, અનુસૂચિઓ, કટોકટી, સુધારા 11 પ્રશ્ન	
2025 Q.96	દરેક ગૃહમાં અલગથી ખાસ બહુમતીથી પસાર થતું બિલ → **બંધારણ સુધારા બિલ (આર્ટિકલ 368)**
2025 Q.98	ખોટી જોડ → **શપથનાં સ્વરૂપો: બીજી અનુસૂચિ (સાચું: ત્રીજી અનુસૂચિ)**
2025 Q.100	રાજ્યની સીમા બદલવાની પ્રક્રિયા → **આર્ટિકલ 3**

ભારતનું બંધારણ

2025: 30 • 2026: 31 • કુલ 61

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
2025 Q.144	7મી અનુસૂચિની સંઘ યાદીનો વિષય → **તેલક્ષેત્રો અને ખનિજ તેલસંપત્તિનું નિયમન**
2025 Q.154	9મી અનુસૂચિ ઉમેરનાર સુધારો → **પ્રથમ સુધારો (1951)**
2026 Q.151	નાણાકીય કટોકટીને સંસદની મંજૂરીની મુદ્દત → **2 મહિના**
2026 Q.155	આંતર-રાજ્ય નદી જળ વિવાદનો ન્યાય નિર્ણય → **સંસદ કાયદાથી જોગવાઈ કરી શકે (આર્ટિકલ 262)**
2026 Q.159	સમવર્તી યાદીમાં સમાવેશ નથી → **વસ્તી ગણતરી (સંઘ યાદીનો વિષય)**
2026 Q.171	ઝોનલ કાઉન્સિલ → **સલાહકાર સંસ્થાઓ**
2026 Q.177	આર્ટિકલ 352 કટોકટીમાં પણ મોકૂફ ન થાય તે મૂળભૂત હક → **આર્ટિકલ 20 અને 21**
2026 Q.178	દરેક ગૃહની વિશેષ બહુમતીથી પસાર થવું જરૂરી → **બંધારણીય સુધારા વિધેયક**
બંધારણીય-વૈધાનિક સંસ્થાઓ અને ચૂંટણી 5 પ્રશ્ન	
2025 Q.88	લોકપાલ અને લોકાયુક્તની સ્થાપનાની ભલામણ → **વહીવટી સુધારણા પંચ (ARC)**
2025 Q.95	લોકાયુક્ત પોતાનો અહેવાલ કોને સોંપે → **રાજ્યના રાજ્યપાલ**
2025 Q.99	બંધારણીય સંસ્થા નથી → **નીતિ આયોગ (કારોબારી ઠરાવથી રચાયું, 2015)**
2026 Q.176	બંધારણમાં ઉલ્લેખ નથી → **ભારતના સોલિસિટર જનરલ**
2026 Q.199	લોકસભા-વિધાનસભા ચૂંટણીમાં મત આપવાનો અધિકાર → **વૈધાનિક અધિકાર**
પંચાયતી રાજ 1 પ્રશ્ન	
2026 Q.174	ગ્રામસભા કોની બનેલી → **ગામના તમામ નોંધાયેલા મતદારોની**
નાગરિકતા, ભાષા, લઘુમતી અને રાષ્ટ્રીય પ્રતીકો 4 પ્રશ્ન	
2025 Q.81	ભારતમાં નાગરિકત્વનું નિયમન કરવાની સત્તા → **સંસદ (આર્ટિકલ 11)**
2025 Q.89	રાષ્ટ્રધ્વજની લંબાઈ : પહોળાઈનો ગુણોત્તર → **3:2**
2025 Q.160	8મી અનુસૂચિમાં સમાવિષ્ટ ભાષાઓ → **22**
2026 Q.197	ભારતીય બંધારણ માન્યતા આપે છે → **ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓ**

ઇતિહાસ

2025: 15 • 2026: 19 • કુલ 34

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
પ્રાચીન ભારત (સિંધુ, વૈદિક, જૈન-બૌદ્ધ) 6 પ્રશ્ન	
2025 Q.106	સિંધુ સભ્યતાની શોધ (જાહેરાત) કરનાર → **સર જોન માર્શલ (1924)**
2025 Q.108	'જૈન' શબ્દનું મૂળ સંસ્કૃત ક્રિયાપદ → **'જિ' (જીતવું; જિન = વિજેતા)**
2025 Q.109	બૌદ્ધ ધર્મની શાખા નથી → **અહાયાન (શાખાઓ: મહાયાન, થેરવાદ, વજયાન)**

ઇતિહાસ

2025: 15 • 2026: 19 • કુલ 34

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
2025 Q.140	ભારતની લેખન પ્રણાલી નથી → **સુશ્રુત લિપિ (સિંધુ, બ્રાહ્મી, ખરોષ્ઠી લિપિઓ છે)**
2026 Q.182	વેદકાલીન આર્ય સમાજ → **પિતૃપ્રધાન, વરપસંદગીમાં કન્યાનો અધિકાર, અનેક પત્નીપ્રથા-વિધવા પુનર્વિવાહ: ત્રણેય સાચાં**
2026 Q.183	સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્ર ('ત્રણ રત્નો') → **જૈન ધર્મ**
મધ્યકાલીન ભારત અને ભક્તિ આંદોલન 3 પ્રશ્ન	
2025 Q.136	ભક્તિના અભ્યાસ માટે બૌદ્ધિક આધાર આપનાર → **રામાનુજ**
2026 Q.164	'જાતિ પાંતિ પૂછે નહિ કોઇ, હરિ કો ભજે સો હરિકા હોઇ' → **સ્વામી રામાનંદ**
2026 Q.187	મરાઠા સત્તામાં સર્વપ્રથમ પેશ્વા (વિકલ્પોમાં) → **બાલાજી વિશ્વનાથ**
યુરોપિયન આગમન, કંપની શાસન, 1857 અને બ્રિટિશ શાસન 7 પ્રશ્ન	
2025 Q.110	બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું ગુજરાતમાં પ્રથમ પગલું → **સુરત**
2025 Q.137	વાસ્કો દ ગામાની લિસ્બનથી પ્રથમ સફરની શરૂઆત → **8 જુલાઈ, 1497**
2025 Q.138	ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ પસાર કરી ભારત પર બ્રિટિશ સંસદની સત્તા → **2 ઓગસ્ટ, 1858**
2025 Q.139	મંગળ પાંડેએ હુમલો કરેલી લશ્કરી છાવણી → **બૈરકપુર**
2025 Q.145	ભારત સરકાર અધિનિયમ 1919નો આધાર → **મોન્ટેગ્યુ-ચેમ્સફોર્ડ રિપોર્ટ**
2025 Q.166	ટપાલ સેવા જાહેર જનતા માટે ખુલ્લી મૂકનાર → **વોરન હેસ્ટિંગ્સ**
2026 Q.85	બંગાળના ગળી વિદ્રોહના અગ્રણી નેતા → **દિગંબર બિસ્વાસ**
સ્વાતંત્ર્ય ચળવળ, ગાંધીયુગ અને ક્રાંતિકારીઓ 11 પ્રશ્ન	
2025 Q.167	ગવર્નર જનરલ પદ કાયમી નાબૂદ થયું ત્યારે હોદ્દેદાર → **ચક્રવર્તી રાજગોપાલાચારી**
2026 Q.81	સુભાષચંદ્ર બોઝે કૉંગ્રેસ છોડી 1939માં સ્થાપના કરી → **ફોરવર્ડ બ્લોક**
2026 Q.82	મુંબઈ નૌકા સૈન્યનો બળવો (1946) થાળે પાડનાર → **સરદાર વલ્લભભાઈ પટેલ**
2026 Q.83	હિંદ સ્વાતંત્ર્ય ધારા પછી સ્વતંત્ર થવા હિલચાલ કરનાર રાજ્યો → **ત્રાવણકોર, ભોપાલ, ઇન્દોર: ત્રણેય**
2026 Q.84	મીઠા સત્યાગ્રહનાં સ્થળો (દાંડી ઉપરાંત) → **ધરાસણા, સૂરજકરાડી, વડાલા: ત્રણેય**
2026 Q.86	બારડોલી સત્યાગ્રહ વખતે ગવર્નરને ઐતિહાસિક પત્ર લખનાર → **કનૈયાલાલ મુનશી**
2026 Q.87	ગાંધીજી પર મોટી અસર કરનાર ટોલ્સટોયનું પુસ્તક → **ધ કિંગડમ ઓફ ગોડ ઇઝ વિધિન યુ**
2026 Q.88	કાકોરી ટ્રેન લૂંટના ક્રાંતિકારીઓ → **અશફાક ઉલ્લા ખાન, રામપ્રસાદ બિસ્મિલ, મન્મથનાથ ગુપ્ત: ત્રણેય**
2026 Q.186	ભગતસિંહ અને સાથીઓની જેલ ભૂખ હડતાળમાં મૃત્યુ → **જતીન દાસ (1929)**
2026 Q.188	ખોટી જોડ → **મૂક નાયક: જ્યોતિબા ફૂલે (સાચું: ડૉ. આંબેડકર)**
2026 Q.190	'ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ' (1907), પછી લાલા હરદયાળની ગદર પાર્ટી → **અમેરિકાના કેલિફોર્નિયામાં**

ઇતિહાસ

2025: 15 • 2026: 19 • કુલ 34

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
ધાર્મિક-સામાજિક સુધારા આંદોલનો 1 પ્રશ્ન	
2026 Q.189	હિંદમાં આવી થિયોસોફિકલ સોસાયટીનું કાર્ય ઉપાડનાર → **કર્નલ ઓલ્કોટ અને મેડમ બ્લેવેટ્સ્કી: બંને**
ગુજરાતનો ઇતિહાસ 4 પ્રશ્ન	
2025 Q.119	વિધાગૌરી નીલકંઠ અને શારદાબેન મહેતા → **ગુજરાતની પ્રથમ સ્નાતક મહિલાઓ (1901)**
2026 Q.181	બૌદ્ધ પુરાતત્વીય સ્થળ 'દેવની મોરી' → **મેશ્વો નદીના કિનારે**
2026 Q.184	સ્કંધગુપ્ત પછી વલભીમાં રાજવંશ સ્થાપનાર સેનાપતિ ભટ્ટાર્ક → **મૈત્રક કુળ**
2026 Q.185	માળવા, મેવાડ, ડુંગરપુર, વાંસવાડા સુધી સોલંકી સત્તા પ્રસારનાર → **સિદ્ધરાજ જયસિંહ**
વિશ્વ ઇતિહાસ 2 પ્રશ્ન	
2025 Q.134	પ્રથમ વિશ્વયુદ્ધ પછી સાથી દેશો-જર્મની વચ્ચેની સંધિ → **વર્સેલ્સની સંધિ (1919)**
2025 Q.135	16-19મી સદીમાં આફ્રિકનોને ગુલામ તરીકે અમેરિકા મોકલવાની ઘટના → **ટ્રાન્સએટલાન્ટિક સ્લેવ ટ્રેડ**

સાંસ્કૃતિક વારસો અને સાહિત્ય

2025: 19 • 2026: 17 • કુલ 36

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
મેળા, ઉત્સવો અને તહેવારો 9 પ્રશ્ન	
2025 Q.130	ગુજરાતમાં 'મેઘ મલ્હાર પર્વ' → **સાપુતારા**
2025 Q.146	મલૂકા મેળો (ગંગશ્યામજી મંદિર, વૈશાખ સુદ 14) → **જોધપુર**
2025 Q.147	12 વર્ષે એક વાર ખીલતા નીલકુરિંજી ફૂલનો ઉત્સવ → **કોડાઇકેનાલ**
2025 Q.172	વૈશાખ પૂર્ણિમાનો ઉત્સવ → **બુદ્ધ પૂર્ણિમા**
2025 Q.197	માધવપુર ઘેડના મેળાની લોકવાયકા → **કૃષ્ણ-રુક્મિણી વિવાહ**
2026 Q.90	કાર્તિકી પૂનમનો મેળો ભરાય છે → **વૌઠા અને શામળાજી: બંને**
2026 Q.91	ગ્રામીણ ઓલિમ્પિક્સ યોજાતો મેળો → **તરણેતર**
2026 Q.108	ગંગા-યમુના-સરસ્વતી સંગમ પર યોજાતો માઘ મેળો → **પ્રયાગરાજ**
2026 Q.142	ખેતર ખેડવાનું શ્રેષ્ઠ મુહૂર્ત (લોકસંસ્કૃતિ) → **અખાત્રીજ**
લોકકળા, હસ્તકળા, સંગીત-નૃત્ય-ભવાઈ 8 પ્રશ્ન	
2025 Q.150	જંડિયાલા ગુરુના થાથેરા (પિત્તળ-તાંબાનાં વાસણ) → **પંજાબ**
2025 Q.196	કચ્છની 300+ વર્ષ જૂની ચિત્રકલા → **રોગન કળા**
2026 Q.141	ડાંગી આદિવાસીનું પ્રિય વાદ્ય 'પાવરી' → **મોં વડે ફૂંક મારીને વગાડાતું વાદ્ય**
2026 Q.143	કાપડના ટુકડા ગોઠવી દોરાથી તૈયાર થતું ગૂંથણ → **કટાવકામ**

સાંસ્કૃતિક વારસો અને સાહિત્ય

2025: 19 • 2026: 17 • કુલ 36

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
2026 Q.144	પીઠોરા ધાર્મિક ભીંતચિત્ર (પંચમહાલ-વડોદરા) → **રાઠવા આદિવાસી**
2026 Q.165	મધુબની ચિત્રકલા → **બિહાર (મિથિલા પ્રદેશ)**
2026 Q.169	હવેલી સંગીતનાં ગીતો → **કીર્તનો**
2026 Q.170	ભવાઈમાં પાત્રના પ્રવેશ વખતે તાલબદ્ધ વર્તુળ-ગતિ → **આવણું**
સ્થાપત્ય, સ્મારક, તીર્થ, સંગ્રહસ્થાન, પ્રવાસન 9 પ્રશ્ન	
2025 Q.116	સ્ટેચ્યુ ઓફ યુનિટી નર્મદાના કયા ટાપુ પર → **સાધુ બેટ**
2025 Q.117	બાર્ટન મ્યુઝિયમ એન્ડ લાઇબ્રેરી (19મી સદી) → **ભાવનગર**
2025 Q.190	મહારાષ્ટ્રનું UNESCO વિશ્વ વારસા સ્થળ નથી → **વરાહ ગુફાઓ (મહાબલીપુરમ, તમિલનાડુ)**
2025 Q.199	બાલાસિનોર તાલુકાનો ડાયનોસોર પાર્ક → **રૈયોલી**
2025 Q.200	'આતશ બહરામ' અગ્નિ મંદિર → **ઉદવાડા (વલસાડ)**
2026 Q.161	પવિત્ર અને નૈસર્ગિક સ્થળ પંપા સરોવર → **ડાંગ જિલ્લો**
2026 Q.162	'ભારતીય સંસ્કૃતિ મ્યુઝિયમ' → **કચ્છ જિલ્લો**
2026 Q.166	પીઠની બંને બાજુએ 10-10 ફૂટ ઊંચાં ચક્ર ધરાવતું મંદિર → **કોણાર્કનું સૂર્ય મંદિર**
2026 Q.168	બે કૂવા ધરાવતી વાવ → **અડાલજની વાવ**
ગુજરાતી સાહિત્ય 5 પ્રશ્ન	
2025 Q.107	ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના સ્થાપક (1905) → **રણજિતરામ મહેતા**
2025 Q.120	'ભણકાર' કાવ્યસંગ્રહ → **બળવંતરાય ઠાકોર**
2025 Q.121	ગુજરાતી ફિલ્મ 'રેવા'ની આધાર નવલકથા → **તત્ત્વમસિ (ધ્રુવ ભટ્ટ)**
2025 Q.168	મલયાનિલની ઉપદેશમુક્ત નોંધપાત્ર વાર્તા → **ગોવાલણી**
2026 Q.89	ગુજરાતી સાહિત્યમાં 'આખ્યાનના પિતા' → **ભાલણ**
ભારતીય સાહિત્ય અને ગ્રંથો 5 પ્રશ્ન	
2025 Q.169	જ્ઞાનપીઠ ન મળેલ મહિલા સાહિત્યકાર → **અનીતા દાસ (પ્રતિભા રે, કિષ્ના સોબતી, મહાશ્વેતા દેવીને મળ્યો)**
2025 Q.170	ઓળખ, રાષ્ટ્રવાદ, સમાજ સુધારા પર ટાગોરની નવલકથા → **ગોરા**
2025 Q.171	સાહિત્ય અકાદમી, નવી દિલ્હીનું હિન્દી સામયિક → **સમકાલીન ભારતીય સાહિત્ય**
2026 Q.163	12મી સદીના અંતનો ગ્રંથ 'રસાર્ણવ' → **આયુર્વેદ**
2026 Q.167	'પંચતંત્ર' → **નીતિકથાઓનો લોકપ્રિય સંગ્રહ**

ભૂગોળ — 2025: 21 • 2026: 18 • કુલ 39

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
સામાન્ય અને ભૌતિક ભૂગોળ (વાતાવરણ, ખડકો, ભૂમિસ્વરૂપ) 8 પ્રશ્ન	
2025 Q.113	પૃથ્વીની સપાટીથી શરૂ થતું વાતાવરણનું સ્તર → **ટ્રોપોસ્ફિયર (ક્ષોભ-આવરણ)**
2025 Q.157	ભારત પહેલાં કયા વિશાળ ભૂમિભાગનો હિસ્સો હતું → **ગોંડવાના**
2026 Q.122	વિષુવવૃત્ત ઉપરના વાતાવરણમાં ભારે વાયુઓ → **સૌથી ઓછા**
2026 Q.123	35-40° અક્ષવૃત્તો વચ્ચે વરસાદ → **પૂર્વ કિનારે વધુ, પશ્ચિમ કિનારે ઓછો**
2026 Q.125	લોહ-ખનીજો (Ferrous Minerals) → **મેગ્નેટાઇટ, હેમેટાઇટ, લિમોનાઇટ: ત્રણેય**
2026 Q.147	કેલ્શિયમ-મેગ્નેશિયમ કાર્બોનેટ ભળેલો પ્રસ્તર ખડક → **ડોલોમાઈટ**
2026 Q.149	ફરી વિસ્ફોટનાં ચિહ્ન ન હોય, મુખમાં સરોવર બન્યું હોય → **મૃત જ્વાળામુખી**
2026 Q.150	રણમાં પવન દ્વારા ખડક પદાર્થ ઉપાડી અન્યત્ર લઈ જવાની ક્રિયા → **ઉડ્ડયન-ક્રિયા (Deflation)**
ભારતની ભૂગોળ (ભૌતિક, આર્થિક, સામાજિક) 15 પ્રશ્ન	
2025 Q.114	ભારતમાં કોલસા ખાણકામની શરૂઆત → **રાણીગંજ કોલફિલ્ડ (પશ્ચિમ બંગાળ)**
2025 Q.126	ભારતનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય → **ગુજરાત**
2025 Q.156	પશ્ચિમ હિમાલયની પરંપરાગત ઘર-નિર્માણ શૈલી → **કાઠ-કુની**
2025 Q.158	થાર રણનો વિસ્તાર → **આશરે 77,000 ચોરસ માઇલ**
2025 Q.159	ચિલિકા તળાવ ફેલાયેલું નથી → **ગજપતિ જિલ્લામાં (ફેલાવો: પુરી, ખુર્દા, ગંજમ)**
2025 Q.186	2011 વસ્તી ગણતરી (કામચલાઉ) મુજબ સાક્ષરતા દર → **74.04%**
2025 Q.187	દક્ષિણ ભારતનો ઉચ્ચપ્રદેશ → **ડેક્કન (દખ્ખણ)**
2025 Q.188	દક્ષિણ ભારતીય ભાષા નથી → **બોડો (આસામ)**
2025 Q.189	ગોવાનું શહેર નથી → **પન્હાલા (મહારાષ્ટ્ર)**
2026 Q.97	સાતપુડા પર્વતમાળા કઈ નદીઓ વચ્ચે → **નર્મદા અને તાપી**
2026 Q.99	2011 મુજબ સૌથી વધુ જાતિ પ્રમાણ (સ્ત્રીઓ/1000 પુરુષ) → **કેરળ**
2026 Q.121	દરિયાઈ સરોવર (લગૂન) → **ચિલ્કા અને પુલિકટ (નળ સરોવર લગૂન નથી)**
2026 Q.124	ભારતમાં કોફીનું સૌથી મોટું ઉત્પાદક રાજ્ય → **કર્ણાટક**
2026 Q.126	એશિયાનું સૌથી મોટું રામનગર રેશમ કોકૂન બજાર → **કર્ણાટક**
2026 Q.148	સ્તરભંગ ક્રિયાથી રચાયેલા પર્વતો → **સહ્યાદ્રી, નીલગિરિ, સાતપુડા: ત્રણેય**
ગુજરાતની ભૂગોળ 10 પ્રશ્ન	
2025 Q.127	નર્મદા મુખ્ય નહેરની લંબાઈ → **458 કિ.મી.**
2025 Q.176	સાબરમતી નદીનું ઉદ્ગમ → **ઢેબર તળાવ, રાજસ્થાન**

ભૂગોળ

2025: 21 • 2026: 18 • કુલ 39

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
2025 Q.177	ગુજરાતમાંથી પસાર થતી રેખા → **કર્કવૃત્ત**
2025 Q.178	મોટા પ્રમાણમાં મીઠું પકવતું ગુજરાતનું ગામ → **ખારાઘોડા**
2025 Q.179	ગુજરાત રાજ્યનો વિસ્તાર → **1,96,024 ચો. કિ.મી.**
2025 Q.180	ત્રિવેણી સંગમ (ગીર સોમનાથ)ની નદી નથી → **રેંગમતી (સંગમ: હિરણ, કપિલા, સરસ્વતી)**
2025 Q.198	'બ્લુ ફ્લેગ બીચ'ની માન્યતા → **શિવરાજપુર (દ્વારકા)**
2026 Q.129	ગુજરાતનાં નાનાં બંદરોનું સંચાલન → **ગુજરાત મેરીટાઈમ બોર્ડ (GMB)**
2026 Q.130	ગુજરાતનો સૌથી ઊંચો ધોધ (વિકલ્પોમાં) → **ગિરમાળ ધોધ (ડાંગ)**
2026 Q.146	કચ્છના ગઢશીશા વિસ્તારનું મુખ્ય ખનીજ → **બોક્સાઈટ**
વન, વન્યજીવ, રાષ્ટ્રીય ઉદ્યાન-અભયારણ્ય 6 પ્રશ્ન	
2025 Q.118	જેસોર સ્લોથ બેર અભયારણ્ય (મે 1978) → **અરવલ્લી ક્ષેત્રની વનસ્પતિ-પ્રાણીસૃષ્ટિ જાળવવા**
2025 Q.128	ગુજરાતનું માન્ય પ્રાણીસંગ્રહાલય નથી → **'સરથાણા નેચર પાર્ક, રાજકોટ' (સરથાણા ખરેખર સુરતમાં છે)**
2025 Q.129	ગુજરાતનું રાષ્ટ્રીય ઉધાન નથી → **માનસ નેશનલ પાર્ક (આસામ)**
2026 Q.127	પડિયા-પતરાળાં માટે ગુજરાતનાં જંગલોનાં પાન → **ખાખરો (પલાશ)**
2026 Q.128	રાષ્ટ્રીય વન નીતિ 1988 મુજબ વન-વૃક્ષ આચ્છાદન → **ભૌગોલિક વિસ્તારનો ઓછામાં ઓછો 1/3 ભાગ**
2026 Q.145	રામપરા વન્યજીવ અભયારણ્ય → **મોરબી જિલ્લો**

વિજ્ઞાન, ટેકનોલોજી અને પર્યાવરણ

2025: 17 • 2026: 13 • કુલ 30

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
જીવવિજ્ઞાન, આરોગ્ય અને ખોરાક 10 પ્રશ્ન	
2025 Q.181	સફરજનનું વૈજ્ઞાનિક નામ → **માલુસ ડોમેસ્ટિકા**
2025 Q.182	મૂળ શાકભાજી (root vegetable) નથી → **દૂધી (મૂળો, બીટ, ગાજર મૂળ શાકભાજી છે)**
2025 Q.183	'યુનિવર્સલ ડોનર' લોહીજૂથ → **O નેગેટિવ**
2025 Q.194	'હોમો સેપિયન્સ' (Homo sapiens) → **મનુષ્ય (માનવનું વૈજ્ઞાનિક નામ)**
2026 Q.102	આંખની ખામી માટે જવાબદાર વિટામિનની ઊણપ → **વિટામિન A**
2026 Q.105	ખોરાકનું સૌથી વધુ પાચન અને શોષણ → **નાનું આંતરડું**
2026 Q.106	બાળપણ કે કિશોરાવસ્થામાં થતો ડાયાબિટીસ → **ટાઈપ 1 ડાયાબિટીસ**
2026 Q.115	જીભનું ટેરવું જલ્દી પારખે તે સ્વાદ → **ગળ્યો (મીઠો)**
2026 Q.116	કુદરતી ખાતર → **કાર્બનિક પદાર્થ**

વિજ્ઞાન, ટેકનોલોજી અને પર્યાવરણ

2025: 17 • 2026: 13 • કુલ 30

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
2026 Q.118	મળમૂત્રથી દૂષિત પાણીથી થતા રોગ → **કોલેરા, ટાઈફોઈડ, કમળો: ત્રણેય**
ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન 7 પ્રશ્ન	
2025 Q.185	રાસાયણિક સંજ્ઞા 'Br' ધરાવતું તત્ત્વ → **બ્રોમાઇન**
2025 Q.192	સપાટીઓ વચ્ચેના લંબ (સામાન્ય) બળના સમપ્રમાણમાં → **ઘર્ષણ બળ**
2025 Q.195	કુલોમ્બનો નિયમ → **વિદ્યુત (વિદ્યુતભારો વચ્ચેનું બળ)**
2026 Q.101	સબમરીનમાંથી સપાટી પરનું જહાજ જોવા → **પેરિસ્કોપ**
2026 Q.103	ધ્વનિની પ્રબળતાનો એકમ → **ડેસિબલ (dB)**
2026 Q.104	પેટ્રોલિયમના ઘટક બિટ્યુમિનનો મુખ્ય ઉપયોગ → **રોડ (ડામર સડક) સમતલ કરવા**
2026 Q.119	લાકડાંના માવા પર રાસાયણિક પ્રક્રિયાથી બનતો માનવસર્જિત રેસો → **રેયોન**
વૈજ્ઞાનિકો અને શોધ 4 પ્રશ્ન	
2025 Q.103	સેલેનિયમમાંથી પ્રથમ સૌર કોષ બનાવનાર → **ચાર્લ્સ ફ્રીટ્સ (1883)**
2025 Q.184	સૌથી ઓછી વયના નોબેલ ભૌતિકવિજ્ઞાની → **લોરેન્સ બ્રેગ (25 વર્ષ, 1915)**
2025 Q.191	'ફાધર ઓફ મેડિસિન' → **હિપોક્રેટ્સ**
2025 Q.193	પરમાણુ સિદ્ધાંત (Atomic Theory)ના પ્રણેતા → **જ્હોન ડાલ્ટન**
સૂર્યમંડળ, અવકાશ, કમ્પ્યુટર-ટેકનોલોજી 5 પ્રશ્ન	
2025 Q.101	હ્યુમનોઇડ રોબોટ ASIMO કોણે વિકસાવ્યો → **હોન્ડા (જાપાન)**
2025 Q.115	અન્ય ગ્રહો પર જીવન શોધતા વૈજ્ઞાનિક → **એસ્ટ્રોબાયોલોજિસ્ટ**
2025 Q.149	OPAC → **Online Public Access Catalogue**
2026 Q.107	URL → **ઇન્ટરનેટ પરના વેબપેજનું સરનામું (Uniform Resource Locator)**
2026 Q.120	સૂર્ય પશ્ચિમમાં ઊગતો દેખાય તે ગ્રહ (વિકલ્પોમાં) → **યુરેનસ (શુક્ર પર પણ)**
પર્યાવરણ, પ્રદૂષણ અને ઊર્જા 4 પ્રશ્ન	
2025 Q.102	હવાઈ-કેલિફોર્નિયા વચ્ચે સમુદ્રી પ્લાસ્ટિકનો સૌથી મોટો સંગ્રહ → **ગ્રેટ પેસિફિક ગાર્બેજ પેચ**
2025 Q.105	આબોહવા પરિવર્તન માટેની રાષ્ટ્રીય કાર્ય યોજના (2008) → **NAPCC**
2025 Q.112	GWEC → **ગ્લોબલ વિન્ડ એનર્જી કાઉન્સિલ**
2026 Q.117	ક્લોરોફ્લોરોકાર્બન (CFC)નો પરંપરાગત ઉપયોગ → **રેફ્રિજરેટર, એરકન્ડિશનર, એરોસોલ સ્પ્રે: ત્રણેય**

સામાન્ય જ્ઞાન અને અર્થતંત્ર

2025: 7 • 2026: 4 • કુલ 11

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
અર્થતંત્ર અને કૃષિ 3 પ્રશ્ન	
2025 Q.111	કાપડ-વસ્ત્ર નિકાસમાં ભારતનો વિશ્વક્રમ (કાપડ મંત્રાલય રિપોર્ટ 2023-24) → **છઠ્ઠો**
2026 Q.98	પીળી ક્રાંતિ (Yellow Revolution) → **તેલીબિયાં ઉત્પાદનમાં વધારો**
2026 Q.100	બેરોજગારી વધારતી ઉત્પાદન પદ્ધતિ → **મૂડીપ્રધાન**
સરકારી યોજનાઓ અને પોર્ટલ 3 પ્રશ્ન	
2025 Q.104	ટેકનોલોજી આધારિત આધુનિક જમીન રેકર્ડ વ્યવસ્થાપન કાર્યક્રમ → **DILRMP**
2025 Q.148	કૃતિ સંપદા → **હસ્તપ્રતોનો રાષ્ટ્રીય ડેટાબેઝ**
2026 Q.96	'માય આધાર' પોર્ટલનો ટોલ ફ્રી નંબર → **1947**
ભારત-વિશ્વ GK, દિવસો, અવતરણ 5 પ્રશ્ન	
2025 Q.131	ચેસમાં પ્રથમ ભારતીય મહિલા ગ્રાન્ડમાસ્ટર (WGM) → **સુબ્બારામન વિજયાલક્ષ્મી**
2025 Q.132	હજી ઉપયોગમાં રહેલું વિશ્વનું સૌથી જૂનું ચલણ → **બ્રિટિશ પાઉન્ડ**
2025 Q.133	'પુસ્તકો વગરનો ઓરડો આત્મા વગરના શરીર જેવો છે' → **માર્કસ સિસેરો**
2025 Q.165	વર્લ્ડ લીવર ડે → **19 એપ્રિલ**
2026 Q.110	ભારતભરમાં 'સંસ્કૃત દિવસ' → **રક્ષાબંધન (શ્રાવણી પૂર્ણિમા)**

કરંટ અફેર્સ

2025: 11 • 2026: 18 • કુલ 29

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
ગુજરાત: તાજેતરની ઘટનાઓ અને યોજનાઓ 14 પ્રશ્ન	
2025 Q.162	ગુજરાત વન વિભાગની મે 2025ની વસ્તી ગણતરી → **એશિયાઈ સિંહ**
2025 Q.164	ગુજરાત સ્પેસટેક નીતિ (2025-30)માં સહયોગી સંસ્થાઓ → **ISRO અને IN-SPACe**
2026 Q.92	કટોકટી સેવાઓ માટે એક જ 112 નંબરનો પ્રોજેક્ટ → **જનરક્ષક**
2026 Q.93	વર્ષ 2026ની ઉજવણી → **'ગુજરાત પ્રવાસન વર્ષ'**
2026 Q.95	મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાની માસિક સહાય → **2 કિલો ચણા, 1 કિલો તુવેર દાળ, 1 લિટર ફોર્ટિફાઇડ તેલ: ત્રણેય**
2026 Q.109	ભારતમાં સૌપ્રથમ સમુદ્ર સીમા દર્શનનો પ્રારંભ → **કચ્છ જિલ્લો**
2026 Q.111	દેશની સૌથી મોટી 'નમો સેન્ટ્રલ લાઇબ્રેરી' (બજેટ 2026-27) → **ગાંધીનગર**
2026 Q.114	ઇન્ડિયા એરક્રાફ્ટ લીઝિંગ એન્ડ ફાઇનાન્સિંગ સમિટ 2.0 → **ગિફ્ટ સિટી**
2026 Q.132	મારુતિ સુઝુકીનો ₹. 35,000 કરોડનો કાર પ્લાન્ટ (ગાંધીનગર નજીક) → **ખોરજ**

કરંટ અફેર્સ

2025: 11 • 2026: 18 • કુલ 29

પેપર / પ્રશ્ન	શું પૂછાયું → સાચો જવાબ
2026 Q.135	લોથલ નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) માટે MOU → **નેધરલેન્ડ**
2026 Q.136	પ્રજાસત્તાક દિન 2026ની રાજ્યકક્ષાની ઉજવણી → **વાવ-થરાદ**
2026 Q.137	મતદાર જાગૃતિ માટે 'બોટ્રોન' (BOTRON)ને રાષ્ટ્રીય પુરસ્કાર → **બોટાદ જિલ્લો**
2026 Q.139	શ્રેષ્ઠ મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર-તેડાગર બહેનોને એવોર્ડ → **માતા યશોદા એવોર્ડ**
2026 Q.140	મુખ્યમંત્રીએ જારી કરેલ ટપાલ ટિકિટ અને વિશેષ આવરણ → **કવાંટ ગેર મેળો**
ભારત: તાજેતરની ઘટનાઓ 5 પ્રશ્ન	
2025 Q.123	પૃથ્વી નિરીક્ષણ માટે US-ભારતનો સંયુક્ત ઉપગ્રહ → **NISAR (NASA-ISRO)**
2025 Q.163	UNESCO 'મેમરી ઓફ ધ વર્લ્ડ' રજિસ્ટર 2025માં ભારતીય ગ્રંથો → **ભગવદ્ ગીતા અને નાટ્યશાસ્ત્ર**
2026 Q.113	આંગણવાડીનાં 3-6 વર્ષનાં બાળકો માટેનો પૂર્વ પ્રાથમિક અભ્યાસક્રમ → **આધારશિલા**
2026 Q.131	HALનો નાગરિક ઉડ્ડયન બજારમાં પ્રવેશ (બેંગલુરુ) → **ધ્રુવ ન્યુ જનરેશન હેલિકોપ્ટર**
2026 Q.134	NHAIનો ટેલિકોમ આધારિત સુરક્ષા ચેતવણી સિસ્ટમ માટે MOU → **જિઓ (JIO)**
પુરસ્કાર, રમતગમત અને નિમણૂક 7 પ્રશ્ન	
2025 Q.122	જીવન રક્ષા પદક 2024 (ગુજરાતમાંથી) → **મનીષાબેન અમરશીભાઈ માલકીયા**
2025 Q.124	વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સ 2025 → **નવી દિલ્હી**
2025 Q.173	77મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પુરસ્કૃત ભારતીય નિર્દેશક → **પાયલ કાપડિયા**
2025 Q.174	ગીતાંજલિ શ્રીનું બુકર (2022) વિજેતા પુસ્તક → **રેત સમાધિ (Tomb of Sand)**
2025 Q.175	નોબેલ શાંતિ પુરસ્કાર 2024 મેળવનાર સંસ્થાનો દેશ → **જાપાન (નિહોન હિદાન્કયો)**
2026 Q.112	ગુજરાતી ભાષાનો સાહિત્ય ગૌરવ પુરસ્કાર 2024 → **પ્રવીણ દરજી**
2026 Q.138	NITI આયોગના ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક → **અશોકકુમાર લહેરી**
આંતરરાષ્ટ્રીય ઘટનાઓ 3 પ્રશ્ન	
2025 Q.125	પ્રજાસત્તાક દિન 2025ના મુખ્ય મહેમાન → **પ્રબોવો સુબિયાન્ટો (ઇન્ડોનેશિયાના પ્રમુખ)**
2025 Q.161	પોપ લિઓ XIVની નોંધપાત્ર વિગત → **પ્રથમ અમેરિકન પોપ**
2026 Q.133	આંતરરાષ્ટ્રીય સૌર સંગઠન (ISA)માંથી ખસી ગયેલો દેશ → **યુ.એસ.એ.**

GKGRIPS MENTORSHIP PROGRAM

આવનારી પોલીસ કોન્સ્ટેબલની મોટી ભરતી માટે

GKGRIPS પ્રસ્તુત

ખાખી કવચ 2.0

KHAKI KAVACH 2.0 • Mentorship Program

લોકરક્ષક ભરતી માટે સંપૂર્ણ તૈયારીનું કવચ



એક જ Mentorship માં તમને શું મળશે?

20
Full Mock Test
દરેક **200 ગુણ**ની – ખરી પરીક્ષા જેવી જ પદ્ધતિ, ભાગ A + ભાગ B, વિકલ્પ E સાથે

277
Topic Test
Syllabus-wise – જે દિવસે ટોપિક વાંચો, તે જ દિવસે તેનો ટેસ્ટ (કરંટ, ગુજરાતી ફકરા, રિવિઝન સાથે)

15000+
પ્રશ્નો
ટોપિક ટેસ્ટ, Mock અને **જૂના પેપર**ના પ્રશ્નોની પ્રેક્ટિસ, દરેકના Solution સાથે

307 ટેસ્ટ • **15000+ પ્રશ્નોની પ્રેક્ટિસ** • **151 દિવસનો પ્લાન**

WhatsApp

કોન્સ્ટેબલની પરીક્ષાની સંપૂર્ણ અને સચોટ તૈયારી કરવા માંગો છો?

ખાખી કવચ 2.0 માં જોડાવાની પૂરી માહિતી માટે અત્યારે જ WhatsApp કરો.

- ✓ ખાખી કવચ 2.0 ની પૂરી માહિતી અને પ્રી-બુકિંગ
- ✓ 1 ડિસેમ્બર 2026 થી Mentorship શરૂ
- ✓ 151 દિવસના ટાઈમટેબલ મુજબ માર્ગદર્શન
- ✓ તૈયારી અંગેના તમારા દરેક પ્રશ્નનો જવાબ
- ✓ નબળા વિષય માટે ખાસ સલાહ

WhatsApp કરો

+91 81281 06202

GKGRIPS App

કોન્સ્ટેબલની સંપૂર્ણ તૈયારી કરવા માટે અહીં ક્લિક કરો

- ✓ 277 ટોપિક ટેસ્ટ + 20 Full Mock (200 ગુણ)
- ✓ LRD 2025 + 2026 નાં પેપરના ટેસ્ટ
- ✓ Audio Notes અને Short Videos
- ✓ 15000+ પ્રશ્નો, દરેકનું વિગતવાર Solution
- ✓ ટેસ્ટ PDF માં ડાઉનલોડ કરી પ્રિન્ટ કરો

સ્કેન કરો અને App ડાઉનલોડ કરો

Download કરો GKGRIPS App